Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-51 ■ તા. 17-12-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## પાટનગર તર્ક વિતર્ક

સત્તાની ઉચ્છ્વાછરી ભાજપ ની ભવાઈઓ જનતા એ નકલી કાંડો.નલિયા કાંડ સેક્સ કાંડો.નકલી એકાઉન્ટરો.સિનિયર ભગવાઓ ની બાદબાકી.ભ્રષ્ટચારી શાશન માં જોયી છે.સત્તા ના જોરે કાયદો ન્યાય.વ્યવસ્થા.ભ્રષ્ટચારી અધિકારીઓ.કૌભાંડો દ્વારા જોહુકમી થઈ ગોટાળા કરી જો સત્તા મેળવાય તો પણ જનતા આ બધું ભૂલી જવાની નથી...૨૨ વરસ મા ચાર થિંગડાં મારી જીવનારા તૂટેલી ફુટેલી સાયકલો.સ્કુટરો અને સરકારી બસ મા રખડતા નેતાઓ ને આજે બીએમ ડબ્લ્યુ.ચારબંગડીવાળી ગાડીઓમાં.અને પોળ ના તૂટેલા મકાન માંથી બોપલ ના વૈભવી મકાન મા રહેતા આછકલા વેડા કરતા ને સૌ કોઈ ઓળખી ગયા છે...દૂધે ધોયેલી જો ભાજપ હોય તો આવા દુષ્કરમીઓ નું લિસ્ટ બનાવી સીબીઆયી.ઈડી.ઈ કમટેક્સ દ્વારા સર્વે કરાવે કે આ લોકો કયા ધંધા રોજગાર કરી આવા ધન કમાય કે કરોડો રૂપિયા ના આસમી બન્યા....શુ કાલાધન ના બહાને આ લોકો એ પોતાનું ભ્રષ્ટચારી કાળું ધન કમાયેલું સફેદ કરી નાખ્યું? ધર્મ સ્થાનો ને ભગવો અખાડો બનાવી દીધો..આખા ભાજપના નેતાઓ. કાર્યકરો ના પુત્રો.ભાઈઓ. ભત્રીજાઓ. સસરાઓ. સલાઓ. બનેવીઓ શુ આ ૨૦ વરસ માજ ગાડીઓ દોડાવતા થયી ગયા? મોદીશાહ પોતાની આ ભગવી જમાત ને ધનાઢય બનવા આંખ આડા કાન કરીને ભરપૂર સરકારી કોન્ટ્રાકટ દ્વારા ભ્રષ્ટાચાર કરવા દીધો છે.કરોડો રૂપિયા ના સરકારી હિસાબો ચોપડે નથી...સરકાર નું દેવું અધિલાખ કરોડ ઉપર કરી નાખી ને ઉત્સવો રૂપી જનતા ને મોજશોખ માં રાખી સત્તા ટકાવી રાખી છે.૪૫ જેવા સરકારી અધિકારીઓ ને દિલ્હી લાયી જયી મન ફાવે તેમ સત્તા ચલાવી રહ્યા છે તે સૌકોઈ જાણે છે..પોતાના ભાજપ ની આવકરૂપી ઉદ્યોગપતિઓ ને સરકારી તમામ સવલતો ની લહાણી કરીને છાવરી લીધા છે.પ્રજાના પાઓસા થઈ બેંકો નોટબંધી ના બહાને છલકાવી હોવી **FDRI** નું નાટક કરી આર્થિક સત્તા પણ પોતાના હાથ મા કરવા માંગે છે..દેશ મા જ્યારે હવે જનતા વિફરશે ત્યારે આ ચડ્ડી બનીયણધારી સત્તાવાળા ઘરમાંથી બહાર નહીં નીકળી શકે તેવો સમય આવતો નજરે દેખાયી રહ્યો છે...આ ચાહવાળા ને અને શેર બજાર મા ડબ્બા કિંગ ની છાપ ધરાવનાર રંગા બીલ્લા કે હિતલરશાહી સદામી રાજ કરનારને બહુ જલ્દી આ દેશ ની જનતા જાકારો આપવાની છે..સૌ કોઈ જાણે છે કે મીડિયા ઉપર અંકુશ કરી મન કી બાત ના નાટકો કરી કરોડો.અબજો ના પેકેજો ની આંકડાકીય માયાજાળ બનાવી જનતા ને આ વોટબેંક મેલવા બેવકૂફ બનાવ નીકળ્યા છે.વાઈબ્રન્ટ જેવા ફ્લોપ શો ગુજરાત માં કરી અબજો ની સરકારી જમીનો ની લહાણી મોદીજી એ માળતીયા ઉદ્યોગપતિ ને કરી છે તે સૌકોઈ જાણે છે..વિરોધ પક્ષ ના નેતાઓ ને પણ ભાજપે ખરીદ વેચાણ સંઘ ઉભો કરી લાલચો આપી ખરીદી વિરોધ પક્ષ ને દબાવાની કોશિશ કરી છે..વિદેશી તાકતો ને ઓણ કેન્દ્ર ની તિજોરી માંથી લહાણી કરી અંકુશ માં રાખી સફળતા બતાવાય છે...એ હી રામ મન્દિર કી બનાયિ કહાની એક દિન ધર્મ યુદ્ધ હોકે ભાજપ કા વધ કરકે બદલા લગી. એક હી આગ..

જન ફરિયાદ

### પાસના નેતા હાર્દિક પટેલનો ગંભીર આરોપ

## સત્તા માટે ભાજપ રાત્રે જ ઈવીએમમાં ગડબડી કરશે

### ઈવીએમમાં ગડબડી ન થાય તો, ભાજપ હારી જશે, તેને માંડ ૮૨ બેઠકો મળશે, અનામતની લડાઈ ચાલુ રાખીશ



અમદાવાદ,

પાસના યુવા નેતા હાર્દિક પટેલે ભાજપ પર ગંભીર આરોપ લગાવતાં જણાવ્યું હતું કે, સત્તા માટે ભાજપ શનિવાર અને રવિવાર રાત્રે ઈવીએમમાં ગડબડી કરશે. હાર્દિકે ટવીટ્ કરી ભાજપ પર આવો ગંભીર લગાવતાં જણાવ્યું હતું. હાર્દિકે સ્પષ્ટ કર્યું હતું કે, જો ઈવીએમમાં ગડબડી નહી થાય તો, ભાજપ હારશે અને તેને માંડ ૮૨ બેઠકો મળશે. હાર્દિકે અનામતની લડાઇ ચાલુ રાખવાનો મક્કમ નિર્ધાર પણ વ્યકત કર્યો હતો. હાર્દિક પટેલે રાહુલ ગાંધીના કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તાજપોશી બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, હું તેમને શુભકામના પાઠવું છું. વિપક્ષમાં રહી તેઓ જનતાના પ્રાણપ્રશ્નો અંગે લોકસભા અને રાજયસભામાં અવાજ ઉઠાવે અને પ્રજાનો અવાજ રજૂ કરે બસ એવી આશા રાખીએ છીએ. દરમ્યાન ઈવીએમ મુદ્દે ભાજપ પર ગંભીર આરોપ અને પ્રહાર કરતાં હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, હું ભાજપની વિરૂધ્ધમાં જ છું કારણ કે, ભાજપે હંમેશા અત્યાચાર અને તાનાશાહી શાસન ચલાવ્યું છે, ઈવીએમમાં પણ ગડબડી કરી લોકો સાથે મજાક કરે તેવા લોકો સાથે હું કયારેય નથી. ભાજપ ગુજરાત સહિત દેશના લોકો સાથે મજાક કરી રહ્યું છે. જો ઈવીએમમાં ચેડા કરવા જ હોય તો, પછી ચૂંટણીની ઔપચારિકતા શા માટે? જે દિવસે બધુ બહાર આવશે ત્યારે હાહાકાર મચી જશે. ગુજરાતમાં ભાજપની હારનો મતલબ છે ભાજપનું પતન. ઈવીએમમાં ગડબડી કરીને ભાજપ ગુજરાતની ચૂંટણી જીતશે અને હિમાચલ પ્રદેશની ચૂંટણી હારશે કે જેથી કોઈ સવાલો ના ઉઠાવે. ભાજપે અત્યારસુધી ગુજરાતમાં અત્યાચાર અને તાનાશાહીનું શાસન ચલાવ્યું છે, તેની હાર નક્કી છે.

### હિંસા ફેલાવવાના ભાજપના પ્રયાસને રોકવાની જરૂર : રાહુલ

# કોંગ્રેસના અધ્યક્ષ તરીકે રાહુલ ગાંધીની અંતે તાજપોશી કરાઈ

### એઆઈસીસી હેડક્વાર્ટર ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો : મનમોહનસિંહ, પૂર્વ મુખ્યમંત્રી, મુખ્યમંત્રીઓ, સાંસદો તથા અન્યો ઉપસ્થિત : વાઢેરા પણ હાજર

નવી દિલ્હી,

કોંગ્રેસના પ્રમુખ તરીકે આખરે આજે રાહુલ ગાંધીની તાજપોશી કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક વર્ષોથી તેમને કોંગ્રેસના પ્રમુખ બનાવવા માટેની હિલચાલ ચાલી રહી હતી. આખરે આજે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. રાહુલ ગાંધીની કોંગ્રેસના પ્રમુખ તરીકે વિધિવતરીતે તાજપોશી કરવામાં આવ્યા બાદ કોંગ્રેસના કાર્યકરોએ દેશભરમાં ઉજવણી કરી હતી. રાહુલ ગાંધી ઉપર શુભેચ્છાઓનો વરસાદ પણ થયો હતો. મોટાભાગના રાજકીય પક્ષોએ પણ રાહુલ ગાંધીને શુભેચ્છા પાઠવી હતી. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી કોંગ્રેસની જુની પરંપરાને સફળરીતે આગળ વધારશે. તેમનામાં તમામ પ્રકારની કુશળતા રહેલી છે. જો કે, રાહુલ ગાંધી સામે શ્રેણીબદ્ધ નવા પડકારો પણ રહેલા છે. કોંગ્રેસ પાર્ટીની તાજેતરના સમયમાં એક પછી એક રાજ્યોમાં હાર થઇ રહી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટીમાં નવા પ્રાણ ફૂંકવાની સાથે સાથે આવનાર સમયમાં યોજાનારી વિધાનસભાઓની ચૂંટણીમાં કોંગ્રેસની સ્થિતિને સુધારવાની પણ મોટી જવાબદારી રહેશે. હાલના વર્ષોમાં ખરડાયેલી પ્રતિષ્ઠા સુધારવા માટેની પણ તેમની જવાબદારી રહેશે. લોકોમાં જે છાપ ખરાબ થઇ છે તેને સુધારવાની પણ રાહુલ સામે મોટી જવાબદારી રહેશે. રાહુલ ગાંધીની તાજપોશી કરવામાં આવ્યા બાદ કાર્યકરો ભારે ઉત્સાહિત દેખાયા હતા. મનમોહન સિંહ અને અન્યો પણ તાજપોશી વેળા આજે હાજર રહ્યા હતા. રાહુલે ૧૩૨ વર્ષ જુની પાર્ટીની જવાબદારી સંભાળી લેતા એક નવા રાહુલ યુગની શરૂઆત થઇ છે. ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પણ તાજપોશી વેળા પહોંચ્યા હતા. કોંગ્રેસના પ્રમુખ તરીકે પોતાની માતા સોનિયા ગાંધી પાસેથી જવાબદારી લીધા બાદ રાહુલ ગાંધીએ પ્રમુખ તરીકેનું સંબોધન પણ કર્યું હતું. રાહુલે કહ્યું હતું કે, તેમની પાસે પણ એક વિચારધારા છે. દેશમાં અન્ય ભારતીયોની જેમ જ તેઓ એક વિચારધારા સાથે આગળ વધવા માંગે છે. ૧૯ વર્ષ સુધી સોનિયા ગાંધી પાર્ટીના પ્રમુખ તરીકે રહ્યા હતા. કોંગ્રેસના પ્રમુખ તરીકે પોતાના સંબોધન વેળા રાહુલે દેશમાં હાલ પ્રવર્તી રહેલા રાજકીય માહોલનો પણ ઉલ્લેખ કર્યો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ પાર્ટી દેશને ૨૧મી સદીમાં લઇ ગઇ છે પરંતુ આજે વડાપ્રધાન અમને પ્રાચીન સમયમાં લઇ જવાની વાત કરી રહ્યા છે. મોદીના નામનો ઉલ્લેખ કર્યા વગર રાહુલે આ મુજબની વાત કરી હતી. મોદીની ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે, તેઓ એકમાત્ર પોતાના અભિપ્રાય લોકો ઉપર લાગૂ કરી રહ્યા છે. શાંતિવગર કોઇપણ કારોબારને આગળ વધારી શકાય નહીં. અંગત ગૌરવ માટે તમામ બાબતોને નજર અંદાજ કરવામાં આવી રહી છે. તેમણે દેશને આગ સાથે રમવાનો ભાજપ ઉપર આક્ષેપ કર્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે, ભાજપે દેશભરમાં હિંસા ફેલાવવા માટે પ્રયાસો કર્યા છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ આગ બુઝાવવાના કામ કર્યા છે. જ્યારે કોઇ આગ ફાટી નિકળે છે ત્યારે તેને કાબૂમાં લેવામાં જહેમત ઉઠાવી પડે છે. રાહુલે પાર્ટીના નેતાઓ અને વર્કરોને આગળ આવીને હિંસા ફેલાવવાના ભાજપના પ્રયાસોને રોકવા અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, જો કોઇ આગળ આવીને ભાજપની ગતિવિધિને રોકશે તો તે બાબત રાષ્ટ્રના હિતમાં રહેશે. બીજી બાજુ દિલ્હીમાં એઆઈસીસી હેડક્વાર્ટર ખાતે આયોજિત કાર્યક્રમમાં પાર્ટીના સેન્ટ્રલ ઈલેક્શન ઓથોરિટીના પ્રમુખ એમ રામચંદ્રને ચૂંટણીનું પ્રમાણપત્ર રાહુલને આપ્યું હતું. આની સાથે જ પાર્ટીના ઉપપ્રમુખથી તેઓ હવે પાર્ટી પ્રમુખ બની ગયા છે. તાજપોશી કાર્યક્રમમાં મનમોહનસિંહ ઉપરાંત જુદા જુદા રાજ્યોના હાલના મુખ્યમંત્રીઓ અને પૂર્વ મુખ્યમંત્રીઓ, સાંસદો, વરિષ્ઠ કેંગ્રી નેતાઓ, તમામ પીસીસીના વડાઓ, પ્રતિનિધિઓ, તેમની બહેન પ્રિયંકા અને બનેવી રોબર્ટ વાઢેરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### કોંગ્રેસ પ્રમુખ તરીકે સોનિયા ગાંધીનું સંબોધન

## રાહુલ હવે વધુ મજબૂતી સાથે ઉભરી ચુક્યા : સોનિયા ગાંધી

### ૧૯ વર્ષ સુધી પાર્ટી પ્રમુખ રહ્યા બાદ રાહુલને જવાબદારી સોંપી છે : ઈન્દિરા-રાજીવની યાદ સોનિયાએ તાજી કરી

નવી દિલ્હી,

કોંગ્રેસ પ્રમુખ તરીકેની જવાબદારીમાંથી મુક્ત થતી વેળા સોનિયા ગાંધીએ પણ આજે સંબોધન કર્યું હતું. અલબત્ત સોનિયા ગાંધીમાં પાર્ટી પ્રમુખ તરીકેના સંબોધન વેળા ફટાકડા ફોડવામાં આવતા સોનિયા ગાંધીને સંબોધન વેળા તકલીફ થઇ હતી અને તેમને વારંવાર તેમના ભાષણને ટુંકાવી દેવાની ફરજ પડી હતી. સોનિયા ગાંધીને ભાષણ રોકવાની અને પાર્ટીના નેતાઓને ઉજવણી થોડીકવાર પછી કરવા સૂચના આપવાની ફરજ પડી હતી. તમામ લોકો જાણે છે કે, સોનિયા ગાંધીની તબિયત હાલના દિવસોમાં સારી રહેતી નથી. જો કે, રાહુલની તાજપોશી બાદ સ્થળ ઉપર જ ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હતી. નવી નિમણૂંક અને જવાબદારી પર રાહુલને અભિનંદન આપતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, તેમને પાર્ટી પ્રમુખ તરીકે જ્યારે તેમને જવાબદારી મળી તે દિવસો યાદ આવી રહ્યા છે. સોનિયા ગાંધીએ ભારપૂર્વક કહ્યું હતું કે, રાહુલના બાળપણ અને રાજકીય કેરિયરના કારણે તેમને હવે વધુ મજબૂત વ્યક્તિ બનાવી દીધી છે. સોનિયા ગાંધીએ પોતાના સંબોધનવેળા ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીનો ઉલ્લેખ કર્યો હતો. એક દિવસ પહેલા જ સોનિયા ગાંધીએ પોતાની નિવૃતિની જાહેરાત કરી હતી. રાહુલ ગાંધીની તાજપોશીની ઉજવણી કરવા માટે કાર્યકરો જુદા જુદા ભાગોમાંથી પહોંચ્યા હતા. સોનિયા ગાંધીએ તાજપોશીના કાર્યક્રમમાં સંબોધન કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે ઈન્દિરા ગાંધીની હત્યાના સાત વર્ષ બાદ તેમના પતિની પણ હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને પાર્ટીના સામાન્ય કાર્યકરોનો અવાજ તેમને સાંભળી લેવાની ફરજ પડી હતી. તેમણે કહ્યુ હતુ કે એ વખતે તેમને લાગ્યુ હતુ કે જવાબદારી નહી સ્વીકારવાની બાબત ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના બલિદાન પ્રત્યે અપમાનની બાબત રહેશે. તેમના બલિદાનને વ્યર્થ જવા દેવા તેઓ તૈયાર ન હતા. જેથી તેઓએ જવાબદારી સમજીને કોગ્રેસ પ્રમુખ તરીકેની જવાબદારી હાથમાં લીધી હતી. તેઓ બાળકોને અને પોતાને રાજનીતિથી દુર રાખવા માટે ઈચ્છુક હતા. તેઓ એક ક્રાન્તિકારી પરિવારમાં આવ્યા હતા. આ પરિવારના સભ્યોએ દેશ માટે ધન દૌલત અને જીવનને બલિદાન કરી દીધુ છે. ઈન્દિરા ગાંધીએ તેમને પુત્રીની જેમ સ્વીકારી લીધી હતી. જ્યારે ઈન્દિરા ગાંધીની હત્યા થઇ ત્યારે તેમને લાગ્યુ કે તેમની માતા જતા રહ્યા છે. આ દુર્ઘટનાથી તેમનુ જીવન બદલાઇ ગયુ હતુ. જ્યારે તેઓ કોંગ્રેસના પ્રમુખ બન્યા ત્યારે તેમને લાગ્યુ હતુ કે આટલી મોટી પાર્ટીની જવાબદારી તેઓ કઇ રીતે સંભાળી શકશે.

### સોનિયા ગાંધીને લઈને ચાલતી અટકળોનો અંત

## રાયબરેલીથી સોનિયા ગાંધી ચૂંટણી લડશે :પ્રિયંકા વાઢેરા

### સક્રિય રાજનીતિમાં પ્રવેશ કરવા અને ૨૦૧૯ની ચૂંટણી લડવા પ્રિયંકા વાઢેરાનો ઈન્કાર : સોનિયા ગાંધીની પ્રશંસા

નવીદિલ્હી,

પ્રિયંકા ગાંધી વાઢેરાએ આજે રાયબરેલીમાંથી વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં તેમની ચૂંટણી લડવાને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આણી દીધો હતો અને કહ્યું હતું કે, તેમના માતા સોનિયા ગાંધી જ ઉત્તર પ્રદેશમાં સંસદીય મત વિસ્તારમાંથી ચૂંટણી મેદાનમાં ઉતરશે. રાયબરેલી બેઠકનું પ્રતિનિધિત્વ હાલમાં વિદાય લેતા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી કરી રહ્યા છે. પ્રિયંકા વાઢેરાએ હાલમાં ચાલી રહેલી અટકળોનો અંત આણી દીધો હતો. પ્રિયંકા ગાંધી વાઢેરાએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, સોનિયા ગાંધી જ રાયબરેલીમાંથી ચૂંટણી લડશે. આની સાથે જ સક્રિય રાજનીતિમાંથી સોનિયા ગાંધી દૂર થવા જઇ રહ્યા છે તેવા અહેવાલને પણ રદિયો મળી રહ્યો છે. સાથે સાથે એમ પણ માનવામાં આવી રહ્યું હતું કે, પ્રિયંકા ગાંધી વાઢેરા તેમના ભાઈ રાહુલ ગાંધીને મદદ કરવા સક્રિય રાજનીતિમાં ઉતરશે. સોનિયા ગાંધીએ ગઇકાલે નિવૃત્તિ લેવાની વાત કરી હતી. જો કે, કોંગ્રેસે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, સોનિયા ગાંધી જ કોંગ્રેસ પ્રમુખ તરીકે જ નિવૃત્ત થઇ રહ્યા છે. સક્રિય રાજનીતિમાંથી નિવૃત્ત થઇ રહ્યા નથી. કોંગ્રેસ પ્રમુખ તરીકે રાહુલ ગાંધીની તાજપોશી કરવામાં આવ્યા બાદ કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચેલા પ્રિયંકા ગાંધી વાઢેરાએ કહ્યું હતું કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં તેઓ ભાગ લેનાર નથી. તેમના માતા સોનિયા ગાંધી જ રાયબરેલીથી ચૂંટણી લડશે. પ્રિયંકા ગાંધી વાઢેરાએ તેમની માતા સોનિયા ગાંધીને એક સાહસી મહિલા તરીકે ગણાવીને કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ તરીકે રેકોર્ડ ૧૯ વર્ષ સુધી પ્રમુખ તરીકે રહ્યા છે. ખુબ જ મુશ્કેલ સમયમાં કોંગ્રેસ પાર્ટીની જવાબદારી સંભાળી હતી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વર્તમાન લોકસભામાં ઉત્તર પ્રદેશમાંથી એકમાત્ર બે કોંગ્રેસી પ્રતિનિધિઓ રહી ગયા છે.

## વર્ષ ૨૦૧૮માં ઓપરેશન ઓલ આઉટ યથાવત જારી

જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક એસપી વૈદ્યએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૮ ઓછો પડકારરુપ રહેશે. કારણ કે, ખીણમાં ખુબ ઝડપથી સ્થિતિ સામાન્ય બની રહી છે. પોલીસ મહાનિર્દેશકનું કહેવું છે કે, ત્રાસવાદીઓને ખદેડી મુકવા અને તેમનો ખાત્મો કરવા માટે સેનાનું ઓપરેશન ઓલઆઉટ જારી રહેશે. જ્યાં સુધી રાજ્યમાં સંપૂર્ણપણે શાંતિ સ્થાપિત થતી નથી ત્યાં સુધી આ ઓપરેશન જારી રહેશે. વૈદ્યએ ઓપરેશન ઓલઆઉટ હેઠળ છેલ્લા એક વર્ષમાં ૨૦૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હોવાનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે, કાશ્મરની પ્રજા ટૂંક સમયમાં જ શાંતિનો અનુભવ કરશે. આ સફળતાની ક્રેડિટ જવાનો અને સુરક્ષા દળોના અધિકારીઓને પણ મળે છે. આ લોકોએ અભિયાન હેઠળ ખુબ મહેનત કરી છે. સંપૂર્ણ જીવન કુર્બાન કર્યું છે. સુરક્ષા દળોએ જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓનો ખાત્મો બોલાવવા ઓપરેશન ઓલઆઉટ હાથ થર્યું છે. સુરક્ષા દલોના આ ઓપરેશનમાં હજુ સુધી ૨૦૦થી પણ વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. ગયા વર્ષે સુરક્ષા દળોની કાર્યવાહી ૧૬૫ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ વર્ષે ત્રાસવાદી ઘટનાઓમાં સુરક્ષા જવાનો જે શહીદ થયા છે તેમની સંખ્યા ૭૭ નોંધાઈ છે જ્યારે ગયા વર્ષે ત્રાસવાદીઓ સાથેના જંગમાં ૮૮ જવાનો શહિદ થયા હતા. ગયા વર્ષે આઠમી જુલાઈના દિવસે સુરક્ષા દળોએ ખીણમાં ત્રાસવાદીઓના પોસ્ટરબોય હિઝબુલ મુઝાહિદ્દીનના કમાન્ડર બુરહાનવાનીને ઠાર માર્યો હતો. ત્યારબાદ ખીણમાં ઘણા મહિનાઓ સુધી હિંસક ઘટનાઓ બની હતી. જેને કાબૂમાં લેવા માટે સુરક્ષા દળોએ ત્રાસવાદીઓ સામે ઓપરેશન ઓલઆઉટ હાથ ધર્યું હતું.

### ફટાકડા ફોડી ઢોલ-નગારા વગાડી ઉજવણી

## રાહુલ ગાંધીની તાજપોશીને લઈને ગુજરાત ઉજવણી થઈ

### રાહુલ ગાંધી કોંગ્રેસ અધ્યક્ષ બનતાં ભવ્ય ઉજવણી કરાઈ

અમદાવાદ,

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે આજે રાહુલ ગાંધીની વિધિવત્ તાજપોશી થતાં અને રાહુલ ગાંધીએ અધ્યક્ષ તરીકે પક્ષની કમાન સંભાળી લેતાં ગુજરાત સહિત દેશભરમાં કોંગ્રેસ કાર્યકરો અને સ્થાનિક આગેવાનો-નેતાઓમાં ખુશી અને ઉત્સાહનો માહોલ છવાયો હતો. ગુજરાતમાં પણ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિતના શહેરોમાં અને જિલ્લા-તાલુકા કક્ષાએ રાહુલ ગાંધીની તાજપોશીની ખુશીમાં ફડાકડા ફોડી, રાહુલના સમર્થનમાં જોરદાર સૂત્રોચ્ચાર નારા લગાવી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આજે દિવસ દરમ્યાન કોંગ્રેસ કાર્યકર્તાઓએ રાહુલ ગાંધીની તાજપોશીનો લઈ ઉજવણી કરી હતી. અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ અને ગુજરાત કોંગ્રેસ દ્વારા પાલડી સ્થિત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ કચેરી ખાતે ફટાકડા ફોડી, મીઠાઇ વહેંચી અને રાહુલ ગાંધીના સમર્થનમાં જોરદાર સૂત્રોચ્ચાર-નારાઓ લગાવી રાહુલ ગાંધીની તાજપોશીની જોરદાર ઉજવણી કરવામાં આવી હતી.

કોંગ્રેસના કાર્યકર્તાઓ ખાસ કરીને યુવા કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળતો હતો. આ જ પ્રકારે વડોદરા કોંગ્રેસ, સુરત કોંગ્રેસ અને રાજકોટ કોંગ્રેસમાં પણ ઉત્સાહ અને ધમાકેદાર ઉજવણીના દ્રશ્યો જોવા મળ્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ ઢોલ-નગારા વગાડી અબીલ-ગુલાલની છોળો ઉડાડી ભવ્ય ઉજવણી કરી હતી. કોંગ્રેસના ખુશીમાં ઝુમતા કાર્યકરોએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની બાગડોર હવે યુવા નેતા રાહુલ ગાંધીના હાથમાં સોંપાયા કોંગ્રેસ વધુ મજબૂત અને સુદ્રઢ બનશે. કોંગ્રેસનું સંગઠન નવા જોશ અને ઉત્સાહ સાથે હવે આગળ ધપશે. કોંગ્રેસમાં એક યુવા અને વિકાસશીલ વિચારધારા સાથે નવા યુગનો પ્રારંભ થઈ રહ્યો છે. કોંગ્રેસના કાર્યકરોથી માંડી સ્થાનિક નેતાઓ, આગેવાનોએ રાહુલ ગાંધીનો હૃદયપૂર્વક શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા.



કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયેલા સન્માનીય રાહુલ ગાંધીના અધ્યક્ષ તરીકેના પદગ્રહણ સમારંભ બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અહમદભાઈ પટેલ, ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને એ.આઈ.સી.સી. મહામંત્રી શ્રી અશોક ગેહલોત, એ.આઈ.સી.સી. મહામંત્રીશ્રી મધુસૂદન મિસ્ત્રી, શ્રી દિપક બાબરીયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, શ્રી શક્તિસિંહજી ગોહિલ ગુજરાત કોંગ્રેસના સહપ્રભારી અને એ.આઈ.સી.સી. મંત્રીશ્રી રાજીવ સાતવ, શ્રી વર્ષા ગાયકવાડ, શ્રી હર્ષવધન સપકાલ, શ્રી જીતુ પટવારી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી પરેશ ધાનાણી, શ્રી કુંવરજી બાવળીયા સહિત શ્રી સાગર રાયકા, શ્રી ગૌરવ પંડ્યાએ શુભેચ્છા મુલાકાત લઈ અભિનંદન પાઠવ્યા હતા. કોંગ્રેસ પક્ષના અધ્યક્ષશ્રી રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો સાથે વિધાનસભા-૨૦૧૭ ચૂંટણી સંદર્ભે વિચાર-વિમર્શ કર્યો હતો.

### અધ્યક્ષ બન્યા બાદ રાહુલની મહત્વની બેઠક

# પરિણામોની રાહુલ સાથે ચર્ચા કરવા કોંગ્રેસના નેતા દિલ્હીમાં

## એકઝીટ પોલ-કોંગ્રેસની સમીક્ષા-મૂલ્યાંકન બેઠકના સાર સહિતના પ્રશ્ને રાહુલ ગાંધીની સાથે ચર્ચા વિચારણા કરાશે

અમદાવાદ,

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે રાહુલ ગાંધીની તાજપોશી બાદ ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓ ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામોને લઈ જરૂરી ચર્ચા વિચારણા કરવા માટે દિલ્હી પહોંચ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ રાહુલ ગાંધીની ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથેની આ પહેલી બેઠક છે. બેઠકમાં ગુજરાતની વિધાનસભા ચૂંટણીને લઈ તાજેતરમાં આવેલા એકઝીટ પોલ, ગુજરાત કોંગ્રેસ દ્વારા ગઈકાલે પરિણામોને લઈ કરાયેલી સમીક્ષા-મૂલ્યાંકન બેઠકના સાર, જો એકઝીટ પોલ સાચા પડે તો કોંગ્રેસને મળનારા જોરદાર ઝટકામાંથી પક્ષને કેવી રીતે બહાર કાઢવો અને પક્ષની નવી રણનીતિ સહિતના મહત્વના મુદ્દાઓ પરત્વે વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા હાથ ધરાય તેવી શકયતા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે કોંગ્રેસે ખરેખર છેલ્લા ૨૨ વર્ષોથી એકહથ્થુ શાસન ભોગવનાર ભાજપને જોરદાર લડત આપી હતી. આ વખતે કોંગ્રેસ પાસે ચૂંટણીમાં ભાજપને ઘેરવાના પણ અનેક મુદ્દાઓ મળી ગયા હતા. ખુદ કોંગ્રેસના રાષ્ટ્રીય યુવા નેતા રાહુલ ગાંધીએ ગુજરાતમાં પક્ષના પ્રચાર-પ્રસારની બાગડોર સંભાળી હતી. રાહુલ ગાંધીએ છેલ્લા ત્રણ મહિનામાં રાજયભરમાં ૩૦થી વધુ જાહેરસભાઓ અને હજારો કિલોમીટરનો પ્રવાસ ખેડી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરવાનો જોરદાર પ્રયાસો કર્યો હતો. એટલું જ નહી, નોટબંધી, જીએસટી, બેરોજગારી, મોંઘા શિક્ષણ, ખેડૂતોની કફોડી હાલત, મહિલાઓની અસુરક્ષા, નર્મદા યોજના સહિતના અનેકવિધ મુદ્દાઓ પર ભાજપ અને મોદી સરકાર પર આકરા પ્રહારો કરી ભાજપની પોલ ખોલી હતી. રાહુલ ગાંધીએ ગુજરાતના મહત્વના મંદિરોમાં દર્શન અને પૂજા-અર્ચના કરી સોફટ હિન્દુત્વનું કાર્ડ ખેલીને પણ મતદારોનો ઝોક મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે આ વખતની ચૂંટણી વખતે રાહુલ ગાંધીને ગુજરાતભરમાં અભૂતપૂર્વ અને પ્રચંડ લોક પ્રતિસાદ મળ્યો હતો. જે જોઈને ખુદ ભાજપ પણ એક તબક્કે ચોંકી ઉઠી હતી. જો કે, બંને તબક્કાના મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે સૌકોઈની નજર ચૂંટણીના પરિણામો પર મંડાઈ છે. ખાસ કરીને તાજેતરમાં એકઝીટ પોલના તારણોમાં જે પ્રકારે ભાજપને વિજયી ઘોષિત કરાઈ રહી છે તેને લઈને કોંગ્રેસમાં પણ આંતરિક ચિંતા વધી છે, કારણ કે, આ વખતે કોંગ્રેસને ભારે આશા હતી કે, જે પ્રકારે લોકોનો પ્રચંડ જનપ્રતિસાદ તેને સાંપડયો હતો તે જોતાં મોટાભાગના પરિણામો તેની તરફેણમાં હોય. જેને પગલે કોંગ્રેસે ગઈકાલે સ્થાનિક નેતાઓ અને જિલ્લા કોંગ્રેસના આગેવાનો-પદાધિકારીઓ અને હોદ્દેદારોની તાબડતોબ બેઠક બોલાવી હતી અને પરિણામોને લઈ સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી કયાસ કાઢવાનો પ્રયાસ કર્યો હતો. બીજીબાજુ, આજે રાહુલ ગાંધીની દિલ્હીમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તાજપોશી થઈ ગયા બાદ તેમનો શુભેચ્છા પાઠવવા અને ગુજરાતના પરિણામોને લઈ કરેલા સમીક્ષા મૂલ્યાંકનની સ્થિતિની ચર્ચા કરવા અને વાતાવરણ સમજાવવા માટે ગુજરાતના કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, શકિતસિંહ ગોહિલ સહિતના નેતાઓ આજે સાંજે દિલ્હી રાહુલનો મળવા પહોંચ્યા હતા. રાહુલ સાથેની બેઠકમાં એકઝીટ પોલના તારણો, સમીક્ષા બેઠકના સાર, પક્ષની આગળની રણનીતિ અને પરિણામોની અસર અથવા તો પ્રત્યાઘાત સહિતના અનેકવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા હાથ ધરાશે.

### મેટ્રો રેલ કૌભાંડના મુખ્ય સૂત્રધાર પર સકંજો

# સંજય ગુપ્તા અને નીલુ સામે જામીન લાયક વોરટં જારી

અમદાવાદ,

મેટ્રો રેલ પ્રોજેકટના કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર એવા પૂર્વ આઈએએસ અધિકારી અને હોટલ કેમ્બે ગ્રાન્ડના ચેરમેન સંજય ગુપ્તા, તેમની ડિરેકટર પત્ની નીલુ ગુપ્તા અને એમડી મનોજ સિંઘલ વિરૂધ્ધ અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના પ્રમુખ આર.એમ.પરમારે ગ્રાહક સુરક્ષા અધિનિયમની કલમ-૨૭ અન્વયે જામીનલાયક વોરંટ કાઢયું છે. હોટલ કેમ્બે ગ્રાન્ડ સામે સેવામાં ખામી બદલ ગ્રાહક ફોરમે અગાઉ ફરિયાદી ગ્રાહકને સવા લાખ રૂપિયાનું વળતર વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે ચૂકવવા સંજય ગુપ્તા તથા અન્યોને હુકમ કર્યો હતો પરંતુ તેનું પાલન નહી થતાં આ હુકમની અમલવારી(એકઝીકયુશન) માટે ફરિયાદી ગ્રાહક તરફથી ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય)ના પ્રમુખ મુકેશ પરીખ દ્વારા કરાયેલી દરખાસ્ત અરજીની સુનાવણીમાં અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમે આ હુકમ કર્યો હતો. ફોરમે સોલા પોલીસમથકના પીઆઈને ઉદ્દેશીને કરેલા હુકમમાં વધુમાં જણાવ્યું હતું કે, સામાવાળાને પકડીને કોર્ટ સમક્ષ રજૂ કરવા. તા.૨૯મી ડિસેમ્બરના રોજ કોર્ટ સમક્ષ હાજર કરવા. સામાવાળા રૂ.પાંચ હજારના જાતમુચરકા આપે તે સાથે તેમને રૂ.૫૦૦૦ના જામીન આપ્યેથી મુકત કરવા. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય)ના પ્રમુખ મુકેશ પરીખે જણાવ્યું હતું કે, ફરિયાદી ગ્રાહક ચંદ્રકાંત બી.ઉપાધ્યાયે તેમના પુત્રના લગ્ન પ્રસંગ નિમિતે હોટલ કેમ્બે ગ્રાન્ડનો મેરેજ રિસેપ્શન માટે હોલ બુક કરાવ્યો હતો અને નિયમમુજબ, ૨૫ ટકા લેખે રૂ.સવા લાખ એડવાન્સ જમા કરાવી કન્ફર્મ બુકીંગ કરાવ્યું હતું. જો કે, હોટલ મેનેજમેન્ટ દ્વારા મનસ્વી રીતે હોલનુ બુકીંગ કેન્સલ કરી એડવાન્સ અવેજનું રિફંડ પણ પરત કર્યું ન હતું.

દંભ ને દેખાવનો છે દૌર મારા દેશમાં,  
જળ વગરના વાદળાં ઘનઘોર મારા દેશમાં !

રાજવીના મુખવટામાં ચોર મારા દેશમાં,  
કાગડાઓ થઈ ગયા છે મોર મારા દેશમાં !

એમની દક્ષિણા કાજે કઈ હદે એ જાય છે;  
વ્યંઢળો પરણાવતાં છે ગોર મારા દેશમાં !

હું જ સારો, હું જ શાણો, હું જ સાચો, હું ખરો,  
ચોતરફ 'હું' 'હું'નો કેવળ શોર મારા દેશમાં !

એક સાથે, શાંતચિત્તે , દેશ આખો , પ્રેમથી,  
દેશની ખોદી રહ્યો છે ઘોર મારા દેશમાં !

મંદિરો ને મસ્જિદોનું લશ્કરો રક્ષણ કરે,  
રામ અલ્લાહ કેટલા કમજોર મારા દેશમાં !

એક દિ તો ઉગશે 'કાયમ' હજુ વિશ્વાસ છે;  
એક સુંદર ને સુન્હેરી ભોર મારા દેશમાં !

**-કાયમ હઝારી**

### શિક્ષણ અને રોજગારીમાં અનામત આપવા વિચારણાની જરૂર

# ઉચ્ચ જાતિના ગરીબો માટે ક્વોટા પર વિચારવાનો હાઈકોર્ટનો હુકમ

## એક મહત્વપૂર્ણ તેમજ દૂરગામી સૂચનો કરીને મદ્રાસ હાઈકોર્ટે તમિળનાડુને આદેશ કર્યો : ગરીબ આખરે ગરીબ હોય છે : હાઈકોર્ટ દ્વારા તારણ અપાયું

ચેન્નાઈ,

એક અતિમહત્વપૂર્ણ સૂચનના ભાગરુપે મદ્રાસ હાઈકોર્ટે ઠેરવ્યું છે કે, આર્થિકરીતે નબળા ઉચ્ચ જાતિના લોકોને પણ શિક્ષણ અને રોજગારીમાં અનામત આપવાના સંદર્ભમાં વિચારણા કરવાની જરૂર છે. ઉચ્ચ જાતિના ગરીબ લોકો માટે ક્વોટાના સંદર્ભમાં વિચારણા કરી શકાય છે. મદ્રાસ હાઈકોર્ટના આ ચુકાદાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જસ્ટિસ એનકે કિરુબાકરન જણાવ્યું છે કે, સરકારે આ બાબતની શક્યતા ચકાસવી જોઈએ. કોર્ટે ૧૪ વિદ્યાર્થીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી એક અરજી પર સુનાવણી વેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, ગરીબ ગરીબ હોય છે. ઉચ્ચ જાતિના ગરીબ લોકો હોય કે પછી પછાત જાતિના ગરીબ લોકો હોય. તેમને તકલીફ પડે છે. કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું છે કે, અગ્રિમ સમુદાયમાં ગરીબ લોકો તરફ હજુ સુધ ધ્યાન આપવામાં આવ્યું નથી. કોઈ વ્યક્તિ તેમના અધિકારને લઈને એટલા માટે અવાજ ઉઠાવી શક્યા નથી કે, આવું કરવાથી સામાજિક ન્યાયના નામ ઉપર વિરોધ કરવાની ફરજ પડી શકે છે. સામાજિક ન્યાય સમાજના દરેક વર્ગને મળે તે જરૂરી છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, ફોરવર્ડ કોમ્યુનિટીના આર્થિકરીતે નબળા લોકો માટે અનામતની વાત કરવાથી આને જુદી રીતે જોવાની જરૂર નથી. અનામતનો લાભ ઉઠાવી રહેલા સમુદાયની સામે આ બાબત છે તે રીતે જોવાની જરૂર નથી. જજે કહ્યું હતું કે, કોર્ટ આ બાબતને લઈને વાકેફ છે કે, તમામ સમુદાયમાં ગરીબ લોકો રહેલા છે. શૈક્ષણિક, આર્થિક અને સામાજિક દ્રષ્ટિથી તેમને વિકસિત કરવા માટે પ્રોત્સાહન આપવાની જરૂર છે. વિદ્યાર્થીઓએ અરજીમાં એવા નિર્દેશ આપવાની માંગ કરી હતી કે, સરકારી મેડિકલ કોલેજોમાં ઓસી એટલે કે ઓપન કેટેગરી માટે રાખવામાં આવેલી એમબીબીએસની સીટો બીસી અને એમબીસી કેટેગરીને ટ્રાન્સફર કરવાની બાબત ગેરકાયદે, મનમાની સમાન છે. બંધારણની કલમ ૧૪ના ભંગ સમાન છે. વિદ્યાર્થીઓએ આ સીટ પર કોર્ટ પાસેથી ડાયરેક્ટ ઓફ મેડિકલ એજ્યુકેશનને રિઝર્વેશન પોલિસીની દ્રષ્ટિથી ઓપન કેટેગરી માટે ફાળવવામાં આવેલી સીટો ઉપર ફરીથી કાઉન્સિલિંગ કરાવવાના નિર્દેશ આપવાની માગં કરી હતી. કોર્ટે સરકારના જવાબી શપથપત્રમાં કહ્યું હતું કે, ૨૨ સરકારી કોલેજોમાં ૨૬૫૧ એમબીબીએસની સીટો છે જે પૈકી ૩૧ ટકા ઓપન કેટેગરી, ૨૬ ટકા બીસી, ચાર ટકા ીસી (મુસ્લિમ), ૨૦ ટકા એમબીસી, ૧૮ ટકા એસસી, ૧ ટકા એસટી માટે અનામત રાખવામાં આવી છે. ઓપન કેટેગરીની કુલ ૮૨૨ સીટોમાં સામાન્ય વર્ગના વધારાના અનામત વર્ગના વિદ્યાર્થીઓ પણ મેરિટ લિસ્ટની દ્રષ્ટિએ દાવેદાર હોય છે. આવી સ્થિતિમાં સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓને મળનાર સંખ્યા ૭.૩૧ ટકાથી ઘટાડીને ૧૯૪ સીટો રહી જાય છે. આ વિગતથી સ્પષ્ટ થઈ જાય છે કે, જાતિઓના વર્ગીકરણ બીસી, એમબીસી, એસટી અને એસસીના રુપમાં થયેલા છે. કેટલાક વર્ગ જ એફસી એટલે કે ફોરવર્ડ કાસ્ટ તરીકે દર્શાવવામાં આવ્યા છે જ્યારે મોટાભાગની જાતિઓને બીસી અથવા એમબીસીમાં વર્ગીકૃત કરી દેવામાં આવશે તો સામાજિક અને આર્થિક દ્રષ્ટિથી લક્ષ્યને ધ્યાનમાં લઈને આપવામાં આવનાર અનામતમાં કોઈ ઉદ્દેશ્ય રહી જશે નહીં. જસ્ટિસ કિરુબાકરનના આ ચુકાદાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ઉચ્ચ જાતિઓમાં ગરીબ લોકોને પણ મદદ મળે તે ખુબ જરૂરી છે.

### ૧૮૨ બેઠક દીઠ તમામ હોલમાંથી વેબ કાસ્ટીંગ

# મતગણતરી : ૩૩ શહેરોમાં કંટ્રોલરૂમ કાર્યરત કરી દેવાશે

## ગાંધીનગરમાં ચૂંટણી પંચનો મુખ્ય કંટ્રોલરૂમ : અમદાવાદ એનેક્ષી ખાતે મીડિયા સેન્ટરથી પરિણામોની માહિતી જારી

અમદાવાદ,

ગુજરાત વિધાનસભા ચૂંટણીના બંને તબક્કાના મતદાન બાદ હવે તા.૧૮મીની મતગણતરી પર ગુજરાત સહિત દેશ અને દુનિયાની નજર મંડાઈ છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા મતગણતરીની પ્રક્રિયાને આખરી ઓપ અપાઈ ગયો છે અને મતગણતરીની નિષ્પક્ષ અને તટસ્થ પ્રક્રિયા હાથ ધરવા માટેના તમામ આયોજન હાથ ધર્યા છે. ચૂંટણી પંચ દ્વારા મતગણતરીને લઈ રાજયના ૩૩ શહેરોમાં કંટ્રોલરૂમ કાર્યરત રહેશે, જે પરિણામોની સતત અને લાઈવ જાણકારી અપડેટ કરતા રહેશે. આ સિવાય ૩૦હજારથી વધુ કર્મચારીઓ મતગણતરીની પ્રક્રિયામાં જોતરાશે. આ અંગે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી.સ્વૈનએ જણાવ્યું હતું કે, તા.૧૮મી ડિસેમ્બરે મતગણતરીને લઈ ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવાઈ છે અને ઈવીએમ-વીવીપેટની સુરક્ષાને લઈને પણ ખાસ તકેદારી રાખવામાં આવી છે. મતગણતરીને લઈને તા.૧૮મીએ સમગ્ર રાજયમાં કુલ ૩૩ જેટલા કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. જેમાં અમદાવાદમાં ત્રણ, વડોદરા અને સુરતમાં બે-બે, જયારે રાજયના અન્ય જિલ્લાઓમાં એક-એક કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. મુખ્ય કંટ્રોલરૂમ ગાંધીનગર ખાતે કાર્યરત રહેશે. આ સિવાય અમદાવાદ સરકીટ હાઉસ, એનેક્સી ખાતે મીડિયા સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે, જયાંથી રાજયભરના જે કન્ફર્મ પરિણામ આવી ગયા હશે તેની માહિતી જારી કરાશે. મતગણતરીની પ્રક્રિયામાં આશરે ૩૦ હજારથી વધુ કર્મચારીઓ જોતરાશે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ઈવીએમ અને વીવીપેટ મશીનોની સુરક્ષાને લઈ સ્ટ્રોંગ રૂમ ખાતે સ્થાનિક પોલીસ ઉપરાંત સેન્ટ્રલ અને પેરામિલેટ્રી ફોર્સના જવાનો સહિતના સુરક્ષા જવાનો ખડેપગે તૈનાત છે. સેન્ટ્રલના જવાનોની લગભગ ૧૦૦ જેટલી કંપનીઓ હજુ પણ રાજયમાં મતગણતરીના સ્થાનો અને સ્ટ્રોંગ રૂમ પર સલામતી વ્યવસ્થામાં ખડકાયેલી છે. તા.૧૮મી ડિસેમ્બરે મતગણતરીના સ્થળોએ કાઉન્ટીંગ સુપરવાઈઝર, કાઉન્ટીંગ ઓબ્ઝર્વર અને માઈક્રો ઓબ્ઝર્વર સહિતના સ્ટાફ આઠ વાગ્યા પહેલાં જ પહોંચી જશે. સવારે આઠ વાગ્યાથી મતગણતરીની પ્રક્રિયા શરૂ થશે. સૌપ્રથમ ઈવીએમ અને વીવીપેટ મશીનો સ્ટ્રોંગ રૂમમાંથી ભારે સુરક્ષા વચ્ચે રાજકીય ઉમેદવારો અને તેમના એજન્ટ તેમ જ ચૂંટણી અધિકારીઓ અને નીરીક્ષકોની હાજરીમાં મતગણતરી હોલ ખાતે લાવવામાં આવશે અને મતગણતરીના ટેબલો પર તે મૂકાશે અને રાઉન્ડ વાઈઝ મતગણતરી હાથ ધરાશે. ઉપરાંત, દરેક વિધાનસભા બેઠક દીઠ એક મતદાન મથક પર ઈવીએમના મતોની સાથે વીવીપેટ સ્લીપની ગણતરી કરી મતગણતરી હાથ ધરવામાં આવશે. આ માટે વીવીપેટ કાઉન્ટીંગ ટેબલની અલગ વ્યવસ્થા કરાઈ છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, મતગણતરીની પ્રક્રિયાની પાદર્શિતા, તટસ્થતા અને વિશ્વસનીયતા માટે તમામ ૧૮૨ બેઠકોના મતગણતરી હોલ ખાતેથી વેબ કાસ્ટીંગ થશે. આ માટે હાઈ ફ્રિકવન્સી કેમેરા સહિતની સીસ્ટમ પણ લગાવી દેવાઈ છે, જેનું મોનીટરીંગ મુખ્ય કંટ્રોલ રૂમ અને કેન્દ્રીય ચૂંટણી પંચની ઓફિસ ખાતેથી પણ થશે. નિષ્પક્ષ રીતે મતગણતરી હાથ ધરી પરિણામો જાહેર કરવા ચૂંટણી પંચ સજજ છે એમ મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી.સ્વૈને ઉમેર્યું હતું.

# રીક્ષા હટાવવા કહેતા ચાલકે કોન્સ્ટેબલને લાફો ઝીંકી દીધો

અમદાવાદ,

અમદાવાદ રેલવે સ્ટેશન પર ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે વધુ વિકટ બની રહી છે. ખાસ કરીને રીક્ષા પાર્કિંગ મુદ્દે વાત ઝઘડા અને મારામારી સુધી પહોંચી જતી હોય છે. ત્યારે રેલવે સ્ટેશન બહાર રોડ પર રીક્ષા ઉભી રાખી ટ્રાફિકમાં અડચણરુપ બનતા એક રીક્ષાચાલકને ટ્રાફિક કોન્સ્ટેબલે ત્યાંથી રીક્ષા લઈ લેવા જણાવ્યુ હતું. જેના કારણે ઉશ્કેરાયેલા રીક્ષાચાલકે કોન્સ્ટેબલને કોલર પકડીને લાફો ઝીંકી દીધો હતો. આ અંગે ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલે કાલુપુર પોલીસ સ્ટેશનમાં રીક્ષાચાલક સામે ફરીયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે રીક્ષાચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. કાલુપુર ઈન ગેટ ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં અશોકભાઈ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. તેઓ પોતાના સાથીઓ સાથે ઈન ગેટ સ્ટેશનની સામેના ચાર રસ્તા પર ટ્રાફિકનુ સંચાલન કરી રહ્યા હતા. તે દરમિયાન એક રીક્ષાચાલકને રીક્ષા સાઈડમાં લેવાનુ કહેતા તેણે રીક્ષા હટાવી નહતી. બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, ત્યારબાદ રીક્ષાચાલક ત્યાંથી નાસી ગયો હતો. એક કલાક બાદ તે રીક્ષાચાલક ત્યાં પરત આવ્યો હતો અને અચાનક પોલીસ કોન્સ્ટેબલનો કોલર પકડીને ગાળાગાળી કરવા લાગ્યો હતો.

**જન ફરિયાદ**

તંત્રી : પ્રદિપ રાવલ  
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

**ગાંધીનગર મુખ્ય કાર્યાલય**

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર  
ફોન : +91-79-23238022  
ફેક્સ : +91-79-23238022  
મો. : +91- 9537656922  
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

**એડીટોરીયલ ચીફ :**  
**બકુલ એ. રાવલ**

**અમદાવાદ મુખ્ય કાર્યાલય**

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.  
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : **નિલેશભાઈ રાવલ**

૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧  
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

**તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.**  
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001